કૃપા કરી કવિ ઉપર બહુ, ખરો કરીને આણ્યો સહુ. ૨૨

અધિ અધ્યાપે આપે જેહ, સંકટ નાસે દૂરે તેહ
એકમનાં સાંભલિસે જેહ, મુગતિ સિવ લહસે તેહ. ૫૨૩

(પા.) એકમનાં સાંભલિ જે કોઇ, મનવાંછિત સુખ પામિ સોઇ.
મેરુ મહીધર મહીઅલિ સાર, જિહાં પ્રતપિ દિનકર સંસારિ,
તાં એ રાસ રહો સુખકાર, જયુ જયુ શ્રી સંઘ મઝારિ. ૫૨૪

(૧) ઇતિ શ્રી શાંતિનાથ ચારિત્રાદુદ્ધૃત્ય અમરદત્ત મિત્રાનંદ સંપૂર્ણ-મિતિ શ્રી સિદ્ધિસૂરિભિઃ કૃતો રાસઃ સં.૧૬૫૩ વર્ષે ચૈત્ર શુદિ ૧૦ શુક્રવાસરે સિદ્ધપુરે ચતુર્માસસ્થિત લિખિતો રાસઃ દેવહર્ષગણિના પં. શ્રી-આણંદમાણિક્યગણિ શિ. પં. શ્રી સુંદરગણિ શિ. પં. રાજહર્ષગણિ શિ. દેવહર્ષ લિખિતઃ પ.સં. ૧૬-૧૫, ડે.ભં. દા.૧૭ નં.૨. (૨) શ્રીમદ્દઅંચલ-ગચ્છે શ્રી ધર્મમૂર્તિસૂરિ વિજયરાજ્યે પં. શ્રી ચારિત્રશેખરગણિ શિ. શ્રી રંગમૂર્તિગણિ લ. સુશ્રાવિકા વાચનાર્થં. પ.સં.૧૮-૧૫, ડો.ભં. દા.૮૧ નં.૩૧. (૩) સં.૧૭૪૧ વર્ષે આસો ... શ્રી નવાનગરે લિ. પ.સં.૩૦-૧૧, લીં.ભં. દા.૧૩ નં.૪૧. (૪) પ.સં.૧૧-૧૫. મો. સુરત પો.૧૨૬. (૫) સં.૧૬૯૩ ફાગ.વ.૭ પં.શ્રી સાધુવિજયગણિ શિ. મુનિ દેવવિજય લ૦ બાલાપુર નગર મધ્યે. પ.સં.૧૨-૧૯. વિકા ભં. નં.૩. (૬) પ.સં.૧૮-૧૭, મ.જૈ.વિ. નં.૧૧૪. (૭) પ.સં.૨૫-૧૫, છેલ્લું ૨૬મું પત્ર નથી - અપૂર્ણ, મ.જૈ.વિ. નં.૪૦૬. (૮) રાજકોટ મોટા સંઘનો ભંડાર. [કેટલૉગગુરા વૉ.૧૯ ભા. ૨, ગુજરાતમાં (દેવપ્રભસૂરિશિષ્યને નામે).]

**(૭૩૫) સિંહાસન બત્રીશી [કથા અથવા રાસ અથવા ચોપાઈ]**

ર.સં.૧૬૧૬ વૈશાખ વદ ૩ રવિ ખારેજ (અમદાવાદ પાસે)માં

આદિ — વસ્તુ છંદ.

વિઘ્નહરની રે પાય પણમેવિ,
સયલ વિશ્વસુખકારણી, મુગતિજનમુગતિદાતા,
કવિયણ-મન-આનંદની જગત માંહિ વૃદ્ધિ નિરુપમ:,
કર જોડી તુઝ વીનવું, દીઓ મુઝ નિરમલ મતિ,
કહું કથા વિક્રમ તણી, તે સુણજ્યો એકચિત. ૧

ચોપાઈ.

સરસતિ શુભ મતિ દીજો મુઝ સદા, જિમ વિક્રમ ગુણ ગાવું

ચુપઈ.

પરઉપગારી રાજા વિક્રમ, તાસ કથા બત્રીસ અનુક્રમ. ૨
ત્રિભુવન માંહે વિક્રમરાય, સત્ત્વવંત બુદ્ધિ કરી કહવાય,
ભૂમંડલ અઉવાધિ કરી, જસ કીરતિ ત્રિભુવન વિસ્તરી. ૩
તાસ કથા બત્રીસે જેહ, ભોજ ભૂપ આગલિ કહી તેહ,
હવિ સંબંધ અછે અનેક, તે સુણજો સહૂ ધરી વિવેક. ૪
સિંહાસન બત્રીસી તેહ, લોક માહિ સુપ્રસિદ્ધ જેહ,
તાસ કથા હું બોલીસ ભલી, સાંભલતાં પૂગી મનરલી. ૫
પહિલું સિંહાસન ઉત્પત્તિ, સાંભલજ્યો તે સહૂ એકચિત્ત,
જોયણ લાખ તણે વિસ્તાર, જંબુદ્વીપ છે વૃત્તાકાર. ૬

અંત — જે છે સંસ્કૃતકથા પ્રબંધ, તે કહ્યો ભોજ તણો સંબંધ,
આગલ રસ અધિકા જાણીઈ, તેહ કારણિ એહ વખાણીઈ. ૬૯
કહી કથા આપેં જેહવી, હતી કથા કહું તેહવી,
કવિ કહે તેહમાં મ દેયો ખોડિ, અનસંધી રાખિહું કર જોડિ. ૭૦
કિણ કારણ એ કર્યો પ્રબંધ, હવે ધરી નવનાહનીત (!) પ્રબંધ
ચતુર પુરુષને કારણિ કરી, કહી કથા વિવરી. ૭૧
ગુજ્જરદેસ દેશ માંહિ સાર શ્રી અહમ્મદપુરવર સુવિચાર,
તાસ પાસ બાહિરુ ભણું, તેહ નગર શ્રી કેતણું. ૭૨
તિહાં શ્રી સંઘ તણું ઉપદેશ, રચ્યો ચોપઈ ધરમ વિશેષ,
કવિ કર જોડી કહે એણી પરે, કહ્યું ભિન્ન તે નહિ ન વિચારે. ૭૩
કુણ સંવચ્છરે કેહે માસે, રચ્યો પ્રબંધ તે કહું વિમાસી,
સંવત સોલ સોલોત્તર જાંણિ, શાકે સોલ અઠત્રીસાં વખાંણિ. ૭૪
વદિ વૈશાખ બીજ તિથિ સાર, મૂલ નક્ષત્ર નિર્મલ રવિવાર,
શ્રી ગુરુચરણપસાયેં કરી, એહ પ્રબંધ કહિઓ વિસ્તરી. ૭૫
વિવંદણીકગચ્છે સહિગુરુ સાર, શ્રી દેવગુપ્તસૂરિ વંદું ગણધાર,
તાસ સીસ પંડિત ગુણનિલો, શ્રી જયસાગર નામેં ભલો. ૭૬
તાસ સીસ કર જોડી કહે, સિદ્ધસૂરિ પભણે એહ સહી,
આણી હરખ આણંદપૂરિ, એહ સુણતાં દુખ જાયે દૂરિ. ૭૭
ભણે ગુણે જે મનભાવે, સંપતિ સુણતાં અધિક પ્રસ્તાવે,
જાં પૃથ્વી અવિચલ થિર હોઈ, તાં એ કથા સુણો સહુ કોઈ. ૭૮
જાં લગે મંડલ શશિ દિનકાર, મેરુ ધરે ધિરતાં મહીતલ સાર,